ફોજદારી ઈન્કવાયરી નંબર–**૬૬૪/૨૦૧૫**

–: <u>આંક – ૧ નીચે હુકમ</u> :–

હાલની ફરીયાદ તથા કેસનુ સમગ્ર રેકર્ડ ધ્યાને લેતાં, ના. સુપ્રિમ કોર્ટના ચુકાદા દશરથ રૂપસિંહ રાઠોડ વિ. સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર તથા અન્ય, ક્રિ.અ.નં.૨૨૮૭/૦૯ ના કામે તા.૧/૮/૧૪ નાં રોજ કરવામાં આવેલ હુકમ અનુસાર હાલની ફરીયાદ અત્રેની કોર્ટમાં <u>હકુમત</u>ના કારણોસર અત્રેની કોર્ટમાં તા.૨૧/૪/૧૫ ના રોજ દાખલ કરવામાં આવેલ છે અને જે તે સમયે મારા પુરોગામી ન્યાયાધીશ ધ્વારા સદર ફરીયાદને ક્રિ.પ્રો.કો.ની કલમ–૨૦૨ અન્વયે કોર્ટ ઈન્કવાયરીમાં રાખવાનો હુકમ કરવામાં આવેલ છે.

ત્યાર બાદ ધી નેગોશ્યેબલ ઈન્સ્ટ્રુમેન્ટ (એમેન્ડમેન્ટ) એકટ–૨૦૧૫, તા.૧૫/૦૬/૨૦૧૫ ના રોજ અમલમાં આવેલ નવા સુધારા અન્વયે કલમ–૧૪૨(૨)(એ) માં હકુમત અંગે સ્પષ્ટતા કરી દેવામાં આવતા, આ કામના ફરીયાદીના વિ.વ.શ્રી ધ્વારા આંક–૪ થી અરજી આપી રજુઆત કરેલ છે કે, અમો અમારી ફરીયાદ અમારા પ્રથમ/ઓરીજનલ જયુરીડિકશનમાં દાખલ કરવા માંગીએ છીએ જેથી અમારી ફરીયાદ ઓરીજનલ જયુરીડિકશનમાં દાખલ કરવા પરત કરવા હુકમ કરવા વિનંતી કરેલ છે.

આમ, ઉપરોકત તમામ હકિકત તથા રેકર્ડ ધ્યાને લેતા ફરીયાદીને પોતાની ફરીયાદ કયા જયુરીડીકશનમાં દાખલ કરવી તે ફરીયાદીનો હકક છે અને પ્રસ્તુત કેસમાં હકુમત અંગે કાયદામાં સ્પષ્ટતા થઈ ગયા બાદ ફરીયાદી પોતાની ફરીયાદ પોતાના પ્રથમ/ઓરીજનલ જયુરીડીકશનમાં દાખલ કરવા માગે છે, જેથી હાલની આ ફરીયાદ ફરીયાદીને પોતાના પ્રથમ/ ઓરીજનલ જયુરીડીકશનમાં અથવા હકુમત વાળી અદાલતમાં દાખલ કરવા પરત સોંપવી ન્યાયોચિત જણાતું હોય નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

–:: <u>હુકમ</u> ::–

– હાલની ફરીયાદ સક્ષમ હકુમત ધરાવતી કોર્ટમાં રજુ કરવા અર્થે ફરીયાદ તથા દસ્તાવેજી પુરાવાની ખરી નકલ રજુ કર્યેથી ફરીયાદીને પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.
– હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

રાજકોટ.
તારીખ:૧/૪/૨૦૧૭

(મયુર.ડી. બ્રહમભટ્ટ )
૧૨ માં એડિ.ચીફ જયુડી. મેજી.,
રાજકોટ
(GJ01008)